# ગુજરાત પોલીસ અધિનિયમની કલમ–૩૩(૧) (બી) અન્વયેનું જાહેરનામું

નં.એમએજી/૧/વશી/૯૦૪૬ થી ૫૪ /૨૦૧૩
જિલ્લા મેજીસ્ટ્રેટ કચેરી, પાટણ.

તા. ૪ /૯/૨૦૧૩

વંચાણમા લીધુ :

૧. અત્રેના તા.૧૫/૭/૨૦૦૯ ના જાહેરનામા નં.એમએજી/ટ્રાફીક/વશી/૪૧૯૧ થી ૪૨૧૫/૨૦૦૯

૨. અત્રેના તા.૧૫/૫/૨૦૧૩ ના જાહેરનામા નં.એમએજી/૧/વશી/૩૫૩૦ થી ૪૦/૨૦૧૩

૩. જિલ્લા પુરવઠા અધિકારીશ્રી, પાટણનો તા.૪/૭/૨૦૧૩ નો પત્ર નં.સપ/વમદ/પ્રેરસ્ટેપ/વશી/૬૧૨૯/૧૩

૪. પ્રમુખશ્રી, પાટણ નગરપાલીકાનો તા.૬/૭/૨૦૧૩ નો પત્ર

હુકમ :

આમુખ–૧ ના જાહેરનામાથી ટ્રાફીક નિયમન અંગે પ્રતિબંધ ફરમાવવા જાહેરનામા સાથેના પરિશિષ્ઠના કોલમ નં.૪ મુજબ પાટણ જુનાગંજ વિસ્તારમાં ભારે વાહનોના પ્રવેશ માટે સવારે ૧૦:૦૦ થી સાંજે ૮:૦૦ કલાક સુધી મનાઈ ફરમાવેલ છે.

ટ્રાફીક સમસ્યાને હલ કરવા આમુખ–૨ ના જાહેરનામા સાથેના પરિશિષ્ટ મુજબના નાકા પોઈન્ટોથી શહેરની અંદર ખાનગી પેસેન્જર વાહનોના પ્રવેશ પર સવારના ૮.૦૦ કલાકથી રાત્રીના ૮.૦૦ કલાક સુધી પ્રતિબંધ ફરમાવેલ છે.

આમુખ–૨ ના જાહેરનામા મુજબ ફકત ખાનગી પેસેન્જર વાહનોના જ પ્રવેશ પર પ્રતિબંધ હોવા છતાં નાગરીક પુરવઠાની નિયંત્રિત તેમજ ખુલ્લા બજારની આવશ્યક ચીજ વસ્તુઓ લઈ જતાં ભારે વાહનોને પણ અટકાવવામાં આવતાં હોવાથી આમુખ– ૩ થી રજુઆત મળેલ. તેમજ આમુખ–૪ મુજબ સુભાષચોકથી જુનાગંજ વિસ્તાર વેપાર અંગેનું મહત્વનો વિસ્તાર હોઈ ભારે વાહનોની અવર જવર થતી રહે છે. જેથી આમુખ–૧ થી પાડેલ જાહેરનામાનો સમય ૧૧:૦૦ કલાકથી ૨:૦૦ કલાક સુધી પ્રવેશબંધી રાખવા રજુઆત મળેલ છે.

ઉકત તમામ હકીકત નજરે તેમજ રજુઆતો લક્ષમાં લઈ આમુખ–૧ અને આમુખ–૨ ના જાહેરનામામાં નીચે મુજબનો અંશતઃ ફેરફાર કરવામાં આવે છે.

આમુખ–૧ ના જાહેરનામા સાથેના પરિશિષ્ટના કોલમ નં.–૪ માં પાટણ જુનાગંજ બજારના વિસ્તારમાં ભારે વાહનોના પ્રવેશ માટે સવારના ૧૧:૦૦ કલાકથી બપોરે ૧૪:૦૦ કલાક સુધીની મનાઈ રહેશે અને આમુખ–૨ ના જાહેરનામા સાથેના પરિશિષ્ઠવાળા નાકા પોઈન્ટો પરથી નિયંત્રિત નાગરીક પુરવઠાની તેમજ ખુલ્લા બજારની આવશ્યક ચીજ વસ્તુઓ લઈ પ્રવેશ કરતાં તથા બહાર જતાં વાહનોને રોકી શકાશે નહી. પરંતુ તે

વિસ્તારના શહેર આવતી ભારે વાહનોને સવારના ૮:૦૦ કલાકથી સાંજના ૮:૦૦ કલાક સુધી પ્રવેશ પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

ઉક્ત અંગેના સુધારા નિયમ આમુખ-૧ અને આમુખ-૨ ના જાહેરનામાની વિગતો અમલમાં રહે છે. મુજબની અમલવારી કરવાની રહેશે.

( જે. બી. ... )
જિલ્લા મેજીસ્ટ્રેટ
પાટણ

<u>નકલ જરૂરી અમલવારી અર્થે રવાના</u> :

(૧) પોલીસ અધિક્ષકશ્રી, પાટણ તરફ જાણ વ અમલ કરાવવા સારૂ.

(૨) સબ ડીવી. મેજી.શ્રી, પાટણ

(૩) નાયબ પોલીસ અધિક્ષકશ્રી, સિદ્ધપુર

(૪) વ્યવસ્થાપકશ્રી, સરકારી પ્રેસ, વડોદરા તરફ એકસ્ટ્રા ઓર્ડીનરી રાજપત્રમાં પ્રસિધ્ધ કરવા સારૂ.

(૫) નાયબ માહિતી નિયામકશ્રી, પાટણ તરફ સ્થાનિક વર્તમાન પત્રોમાં તેમજ ઇલેક્ટ્રોનિક મિડિયામાં વિનામૂલ્યે પ્રસિધ્ધિ કરાવવા સારૂ.

(૬) મે.જિલ્લા ન્યાયાધીશશ્રી, પાટણ

(૭) મે.ચીફ જ્યુડી.મેજી.શ્રી, પાટણ

AKHIL GUJARAT TRUCK TRANSPORT ASSO.

REC. DT.30-01-2019

<u>નકલ રવાના</u> : (બહોળી પ્રસિધ્ધિ કરવા સારૂ)

(૧) એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટશ્રી, પાટણ

(૨) પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી, પાટણ સીટી એ / બી ડીવીઝન / પાટણ તાલુકા પો. સ્ટે.

<u>પરિશિષ્ઠ-૧</u>

| અ.નં. | રસ્તાની વિગત |
|---|---|
| ૧ | ટી. બી. ત્રણ રસ્તા ડીસા રોડથી શહેરમાં પ્રવેશવાનો રસ્તો |
| ૨ | શ્રમજીવી સર્કલથી શહેરમાં પ્રવેશવાનો રસ્તો |
| ૩ | ચાણસ્મા-પાટણ રોડ રેલ્વે ફાટકથી શહેરમાં પ્રવેશવાનો રસ્તો |
| ૪ | ચાણસ્મા-પાટણ રોડ જી.ઈ.બી. થી શહેરમાં પ્રવેશવાનો રસ્તો |
| ૫ | ચાણસ્મા-પાટણ રોડ લીલીવાડી હોટલથી શહેરમાં પ્રવેશવાનો રસ્તો |
| ૬ | ચાણસ્મા-પાટણ રોડ પદમનાથ ચાર રસ્તાથી શહેરમાં પ્રવેશવાનો રસ્તો |
| ૭ | ચાણસ્મા-પાટણ રોડ નવા સર્કિટ હાઉસથી શહેરમાં પ્રવેશવાનો રસ્તો |
| ૮ | હારીજ-પાટણ ત્રણ રસ્તા સાંઈબાબા મંદિરથી શહેરમાં પ્રવેશવાનો રસ્તો |
| ૯ | પાટણ મોતીશા દરવાજાથી શહેરમાં પ્રવેશવાનો રસ્તો |
| ૧૦ | અનાવાડા પાટણ જીમખાનાથી શહેરમાં પ્રવેશવાનો રસ્તો |
| ૧૧ | પાટણ-સરીયદ રોડ બી.ડી. હાઈસ્કૂલથી શહેરમાં પ્રવેશવાનો રસ્તો |
| ૧૨ | પાટણ-સુજનીપુર રોડ જૈન સ્મશાન ગૃહથી શહેરમાં પ્રવેશવાનો રસ્તો |
| ૧૩ | પાટણ શહેર પારેવા સર્કલથી શહેરમાં પ્રવેશવાનો રસ્તો |
| ૧૪ | પાટણ શહેર પિતામ્બર તળાવ કોલેજ રોડથી શહેરમાં પ્રવેશવાનો રસ્તો |
| ૧૫ | પાટણ શહેર રેલ્વેનાળા સિધ્ધપુર-ઉંઝા તરફથી આવતા વાહનોને શહેરમાં પ્રવેશવાનો રસ્તો(નવજીવન સર્કલ) |
| ૧૬ | ઉંઝા તરફથી આવતા વાહનો શાંતિનિકેતન સ્કૂલ-નવાગંજની પાછળના ભાગે રેલ્વેનાળાથી શહેરમાં પ્રવેશવાનો રસ્તો |

District Magistrate Office PATAN (N.G.) — જિલ્લા મેજીસ્ટ્રેટ કચેરી પાટણ (ઉ.ગુ.)

સહિ/-
જિલ્લા મેજીસ્ટ્રેટ
પાટણ